# ભાજપ સત્તામાં આવશે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી : રાજનાથસિંહ

નવીદિલ્હી, તા. ૨૧

સ્વયંને વડાપ્રધાન પદના ઉમેદવારની સ્પર્ધામાંથી બહાર ગણાવતા બીજેપી અધ્યક્ષ રાજનાથસિંહે સ્પષ્ટપણે સંકેત આપી દીધા છે કે૨૦૧૪ની સામાન્ય ચૂંટણી બાદ જો બીજેપી સત્તામાં આવશે તો નરેન્દ્ર મોદી જ વડાપ્રધાન બનશે.

રાજનાથસિંહે દાવો કર્યો હતો કે, ચૂંટણી નજીક આવવા તથા ચૂંટણી પછી પણ વધુ સહયોગી પક્ષો તેમની સાથે જોડાશે સાથે સાથે તેમણે એમ પણ જણાવ્યું હતું કે, બીજેપીના ચૂંટણી પ્રચાર અભિયાનમાં રામજન્મભૂમિ વિવાદના બદલે વિકાસાસ્પદ મુદ્દાઓ વધુ મહત્વપૂર્ણ રહેશે. એ જરૂરી નથી કે પક્ષ અધ્યક્ષમાં ભીડ એકઠી કરવાની ક્ષમતા હોવી જોઈએ. જે આમ કરી શકે તે જ વડાપ્રધાનપદના ઉમેદવાર પણ હોવા જોઈએ. પક્ષનું કામ કરવા માટે મારી પાસે ઘણી જવાબદારીઓ છે. મારે કામ કરવાનું છે. અને સૌથી અગત્યનું મહત્વપૂર્ણ કાર્ય છે. ૨૦૧૪ની ચૂંટણીમાં પક્ષનો વિજય.

ન્યુયોર્ક અને વોશિગ્ટનના પોતાના પાંચ દિવસના પ્રવાસની શરૂઆતમાં રાજનાથસિહે જણાવ્યું હતું કે, ચૂંટણી ના સાત મહિના પહેલા મે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પક્ષની ચૂંટણી અભિયાન સમિતિના અધ્યક્ષ તરીકે નિમણુંક કરી છે. તેમાં અનોખી વાત શું છે ? અમે મોદીની નિમણૂંક એવી રીતે કરી છે કે, જેવી રીતે અન્ય પક્ષો નિમણૂંક કરે છે. તેના વિવિધ અર્થ એમ તારવવામાં આવે છે તેની ખબર પડતી નથી. મોદીની લોકપ્રિયતા અને પક્ષ પત્યેની તેમની વચનબદ્ધતાને ધ્યાનમાં રાખીને તેમને પ્રચાર પ્રમુખ તરીકે નિમાયા છે.

નિસંદેહ મોદી ઘણા લોકપ્રિય અને સક્ષમ નેતા છે. તેઓ હાલ ભારતના સર્વાધિક લોકપ્રિયતા ધરાવતા નેતા છે.

રાજનાથસિંહએ જણાવ્યું હતું



કે, નરેન્દ્ર મોદી માત્ર ગુજરાતના જ નહિ પરંતુ તામિલનાડુ, આંધ્ર, ઉત્તરપ્રદેશ, બિહાર, ઉત્તરથી લઈને દક્ષિણ સુધી પૂર્વથી પશ્ચિમ સુધી રાજકીય ફલક પર મહત્વ ધરાવતા સક્ષમ એક માત્ર નેતા છે. તેમની લોકપ્રિયતાથી ચૂંટણીમાં પક્ષને ઘણો ફાયદો થશે.

પક્ષ અધ્યક્ષને લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે પ્રસ્તુત નહી કરવાના પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, હંમેશા એમ બનતું નથી. મારો રસ પક્ષ અધ્યક્ષ બનવામાં છે. આ દરમિયાન બીજેપી કેન્દ્રમાં સત્તા સંભાળે તથા ભ્રષ્ટાચારમાં ડૂબેલી કોંગ્રેસના કુશાસનની છૂટકારો મેળવે તે જોવાનું વધુ મહત્વપૂર્ણ છે. રામજન્મભૂમિ મુદ્દાને બદલે આગામી ચૂંટણીમાં વિકાસાત્મક મુદ્દા ઉપર ભાર મૂકવામાં આવશે. રામમંદિર કયારેય મોટો ચૂંટણી મુદ્દો બની શકે નહીં. તેના વિશે વધુ જણાવીએ તો આ એક રાષ્ટ્રીય મુદ્દો છે. પરંતુ ચૂંટણી મુદ્દો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજનાથસિંહ, સાંસદ અનંતકુમાર અને પક્ષના નેતાઓ વિજય જોલી, અને સુધાંશુ ત્રિવેદી સાથે અમેરિકાના પ્રવાસે ગયા છે. તેઓ મંગળવારે વોશિંગ્ટનમાં એક સંમેલનમાં ભારત, અફઘાનિસ્તાન અને ક્ષેત્રીય સુરક્ષા અંગે મહત્વપૂર્ણ ભાષણ આપશે. તેમણે જણાવ્યું હતું કે, એનડીએ સરકાર અને ભ્રષ્ટાચારથી પીડિત નિષ્ફળ કોંગ્રેસની આગેવાની ધરાવતી યુપીએ સરકારના કાર્યપ્રદર્શનની સરખામણી કરવાથી ભારતની જનતાએ એ અહેસાસ થઈ ચૂકયો છે કે, આ બધાનો વિકલ્પ એક માત્ર બીજેપી જ છે.

રાજનાથસિંહે જણાવ્યું હતું કે ભારતીય મતદારોને હવે અહેસાસ થઈ ગયો છે કે, કેન્દ્ર પાંચ ટકા વિકાસ દરની ગેરંટી આપી શકે તેમ નથી. જ્યારે ગુજરાત, મધ્યપ્રદેશ, અને છત્તીગઢમાં વિકાસદર લગભગ ૧૦ ટકા છે. કોઈપણ રાજકીય પક્ષ વધુ લાંબા સમય સુધી ભારતીય મતદારોને બેવકૂફ બનાવી શકે તેમ નથી.

કર્ણાટકમાં પક્ષના તાજેતરમાં થયેલા પરાજય તથા અન્ય રાજ્યોમાં ભાજપને લાગેલા આંચકા અંગે બીજે પી અધ્યક્ષે જણાવ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણી અને અન્ય ચૂંટણીમાં પક્ષ તથા સભ્યો એકબીજાથી અલગ થાય છે અને જોડાતા રહે છે. લોકો સ્થિર સરકાર માટે મતદાન કરશે અને કોઈ એક જ પક્ષને સંપૂર્ણ બહુમતી આપશે તો જ કેન્દ્રમાં સ્થિર સરકાર શકય બનશે અને કોંગ્રેસ ટૂંક સમયમાં જ સત્તામાંથી બહાર ફેંકાઈ જશે. અમને વિશ્વાસ છે કે કોંગ્રેસ સરકારની નિષ્ફળતા જ બીજેપીને કેન્દ્રમાં સત્તા હાંસલ કરવામાં મદદ કરશે. સત્તામાં આવવા ઈચ્છુક કોઈપણ પક્ષે સ્વચ્છ વહીવટની ગેરંટી આપવી પડશે અને લોકોની જરૂરીયાત પૂરી કરવી પડશે. જો અમે તેમાં નિષ્ફળ રહીશું તો અમે પણ સત્તામાંથી બહાર ફેંકાઈ જઈશું.

બીજેપીને ઘણા સહયોગી પક્ષો છોડીને જતા રહ્યા છે તે અંગે રાજનાથસિંહે જણાવ્યું કે બીજેપી લોકસભામાં સ્પષ્ટ બહુમતી હાંસલ કરવાનો પ્રયત્ન કરશે. પરંતુ સાથે સાથે તે પોતાના નવા અને જૂના સહયોગીઓને ભૂલશે નહી. સ્પષ્ટ બહુમતી મળવાની આશા છતાં અમે ઈચ્છીએ છીએ કે કેન્દ્રમાં સરકારમાં અમારા સહયોગી ભાગીદારી કરે. અમારી પાસે શિવસેના અને શિરોમણી અકાલીદળ છે. ચૂંટણી દરમિયાન તેઓ અમારી વધુ નજીક આવે તેવી શકયતા છે. જો જરૂર પડશે તો ચૂંટણી પછી પણ સમાન વિચાર ધારા ધરાવતા પક્ષો સાથે ગઠબંધનની શકયતા છે.

## મુર્શીદાબાદમાં પંચાયતની ચૂંટણી પહેલા હિંસા ભડકી : ૫ ના મોત

મુર્શીદાબાદ, તા. ૨૧

પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચૂંટણી પહેલા કોંગ્રેસ અને સીપીએમ કાર્યકર્તાઓ વચ્ચે થયેલી અથડામણમાં પાંચ વ્યક્તિના મૃત્યુ નિપજ્યા છે.

રાજ્યમાં પંચાયતની ચૂંટણી માટે સોમવારે ચોથા તથા અંતિમ તબક્કાનું મતદાન થનાર છે. મતદાન પહેલા ભડકેલી હિંસામાં કોંગ્રેસના ત્રણ કાર્યકર્તાઓના મોત નિપજ્યા છે.

આ હિંસક અથડામણમાં મૃત્યુ પામનારની કુલ સંખ્યા પાંચ હોવાનું જાણવા મળ્યું છે આ ઘટનામાં બે પોલીસ કર્મચારીઓ સહિત અન્ય અનેક લોકોને ઈજાઓ પહોંચી છે. મુરશીદાબાદ જિલ્લાના બેંગડંગા પોલીસ સ્ટેશન વિસ્તારની પાસેના કાપસડંગામાં શનિવારે મોડી રાત્રે હરીફ પક્ષના સમર્થકો દ્વારા કહેવાતી રીતે દેશી બોંબ ફેકયા બાદ બોંબ ફાટવાના કારણે કોંગ્રેસના બે કાર્યકર્તાઓ નુર મહંમદ શેખ અને અહદ અલીના મૃત્યુ નીપજ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે, ભરતપૂરમાં હરીફ પક્ષના સમર્થકો સાથે થયેલી અથડામણમાં કોંગ્રેસના કાર્યકર્તા રેપેન શેખનું પણ મૃત્યુ થયું છે.

બોંબ ફેંકવા, પથ્થર મારો કરવા તથા અન્ય હિંસક ઘટનાનો દોર જિલ્લામાં હજુ પણ ચાલુ છે. જેને કારણે કાપસડંગા વીસ્તારમાં બે પોલીસ કર્મચારીઓ સહિત ઘણા લોકોને ઈજા પહોંચી છે. મુર્શીદાબાદ જિલ્લામાં કોંગ્રેસના પ્રવક્તા અશોક દાસે આરોપ મુકયો હતોં કે, તેમના પક્ષના કાર્યકર્તાઓને શાસક પક્ષ તૃણમુલ કોંગ્રેસ, સીપીએમ કેડરોની મદદથી નિશાન બનાવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં સોમવારે પંચાયતની ચૂંટણી યોજાનાર છે. મતદાનના બીજા તબક્કામાં થયેલી હિંસામાં ત્રણ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા હતા. પહેલા તબક્કાના મતદાનમાં ૪ લોકો માર્યા ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી પશ્ચિમ બંગાળમાં તબક્કાવાર પંચાયતની ચૂંટણીનું આયોજન થયું છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ચૂંટણી રાજકીય પક્ષો દ્વારા એક બીજા ઉપર કરાતા હુમલાના કારણે લોહિયાળ બની ગઈ છે. ચૂંટણી દરમિયાન હિંસક ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જેમાં ઘણી વ્યક્તિઓએ અને પોલીસ કર્મીઓએ જીવ ગુમાવવા પડયા છે.

## રાષ્ટ્રપતિ તરીકે પ્રણવ મુખર્જીનું એક વર્ષ સમાપ્ત

નવી દિલ્હી, તા. ૨૧

પ્રણવ મુખર્જીનું રાષ્ટ્રપતિ તરીકે એક વર્ષ ઘણી સક્રિયતા સાથે સમાપ્ત થયું છે. સૈદ્ધાંતિક રીતે તેઓ રાષ્ટ્રપ્રમુખ બનેલા છે અને બંધારણ અનુસાર તે જારી રહેશે. આ સપ્તાહ રાષ્ટ્રપતિના હોદ્દા પર તેમના એક વર્ષનો કાર્યકાળ સમાપ્ત થઈ ચુક્યો છે. તેઓ એક સાંસંદ અને મંત્રી તરીકે નિયમો અને



પરંપરાઓનું કડક રીતે પાલન કરનારા વ્યક્તિ છે. જ્યારે તક મળે ત્યારે તેઓ સંસંદમાં વિઘ્ન ઉભું કરનારા સાંસદોને ઠપકો પણ આપતાં હતાં. ન્યાય પાલિકાને પણ તેઓ પોતાની મર્યાદામાં રહીને કાર્ય કરવાની સલાહ આપતા હતા.

૨૬/૧૧ હુમલાના આરોપી અજમલ કસાબ અને સંસંદ હુમલાના આરોપી અફઝલ ગુરુની દયાની અરજી રદ્દ કરી દેતી વખતે મુખર્જીની છબી એક સક્રિય રાષ્ટ્રપતિની બની હતી. તેમના આ પગલાંએ અનેક વિવાદોને જન્મ આપ્યો હતો. પરંતુ તેમના સહયોગી જણાવે છે કે, રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પાસે કેબિનેટની સલાહ પર કામ કરવા સિવાય અન્ય કોઈ રસ્તો ન હતો.

છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી જાહેર જીવન પસાર કરનારા પ્રણવ મુખર્જી લોકો સાથે ઝડપથી હળીમળી જાય છે. રાષ્ટ્રપતિ ભવનમાં પહેલા વર્ષ દરમિયાન તેમના સ્વભાવમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. જો કે રાષ્ટ્રપતિ કડક રીતે પ્રોટોકોલનું પાલન કરવા માટે જાણીતા હોય છે.

## સંઘ હિન્દુત્વ સાથે દેશને મજબુત કરવા ઈચ્છુક છે

પટણા,તા. ૨૧

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ભાજપના વૈચારિક વડા તરીકે છે તેવી માન્યતા ખોટી છે તેવો દાવો કરીને આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે, હિંદુત્વની સાથે દેશને મજબુત કરવા માટે આરએસએસ કટીબદ્ધ છે. તેમણે એમપણ કહ્યું હતું કે, તેની પ્રવૃત્તિનો મુખ્ય હેતુ દેશના નિર્માણમાં મદદરૂપ થવાનો છે. શ્રાવણ પુર્ણિમાના પ્રસંગની પૂર્વસંધ્યાએ એકત્રિત લોકોને સંબોધતા ભાગવતે કહ્યું હતું કે, સંઘને લઈને ઘણી બધી ખોટી માહિતી ફેલાયેલી છે. જુદા-જુદા કારણોસર સમાજમાં ખોટી ભાવનાઓ પ્રવર્તી રહી છે. તેની પ્રવૃત્તિના મહત્વ અથવા તો તેના અંગે વધારે જાણ્યા વગર સંઘ અંગે વાત કરે છે. ભાગવતે કહ્યું હતું કે, સંઘની પ્રવૃત્તિનો મુખ્ય હેતુ હિંદુત્વની સાથે મજબુત ભારતના નિર્માણનો છે. હિંદુત્વ હિંદુસ્તાનના



કોર મુદ્દા અને તેની ઓળખ તરીકે છે. કોઈપણ ખાસ ધર્મ અથવા સમુદાયની વિચારધારા તરીકે હિંદુત્વને ગણવાની બાબત યોગ્ય નથી. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સરસંઘ ચાલકે કહ્યું હતું કે, નેતાઓ અથવા તો રાજકીય પાર્ટીઓ જ્યાં સુધી યોગ્ય વિચારધારા ઉપર આધારીત સમાજમાં સુધારા હાથ ધરાશે નહીં ત્યાં સુધી દેશને મજબુત કરવા ખૂબ ઓછુ કામ કરી શકશે. સંઘનો લોકસભાની ચુંટણી માટે નરેન્દ્ર મોદીને મજબુત ટેકો રહ્યો છે. સંઘનો મુખ્ય ઈરાદો યોગ્ય નેતાના હાથમાં દેશ આપીને સમાજમાં પરિવર્તન લાવવાનો છે. પરિવર્તન હંમેશા સમાજમાંથી આવ છે રાજકારણમાંથી આવતું નથી. ભાગવતે બિહારના ભાજપ નેતાઓની ઉપસ્થિતિમાં આ મુજબની વાત કરી હતી. અહીં સુશીલકુમાર શિંદે પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા નંદકિશોર યાદવ, ભાજપના ઉપપ્રમુખ સીપી ઠાકુર ઉપસ્થિત રહ્યા હતા. સંઘના વડાએ કહ્યું હતું કે, તેમની સંસ્થા ભારતને મજબુત કરવા સમાજમાં સુધારાની જવાબદારી સંભાળી રહી છે.

## ઝિમ્બાબ્વે સામે વન-ડે શ્રેણી રમવા ટીમ ઈન્ડિયા રવાના

મુંબઈ,તા. ૨૧

વિરાટ કોહલીના નેતૃત્વમાં ૧૫ સભ્યોની ભારતીય ક્રિકેટ ટીમ આજે સવારે ઝિમ્બાબ્વેના પ્રવાસ માટે રવાના થઈ હતી. ઝિમ્બાબ્વેના પ્રવાસમાં ભારતીય ટીમ પાંચ વન-ડે મેચોની શ્રેણી રમનાર છે. કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની ઈજાગ્રસ્ત હોવાના પરિણામ સ્વરૂપે તે ઝિમ્બાબ્વે સામેની શ્રેણીમાં રમનાર નથી જેથી તેની જગ્યાએ વિરાટ કોહલીને કેપ્ટન તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. રાષ્ટ્રીય પસંદગીકારોએ ઝિમ્બાબ્વે જેવી પ્રમાણમાં ઓછી મજબૂત ટીમ સામે વિરાટ કોહલીને જવાબદારી સોંપીને મહેન્દ્રસિંહ ધોનીને આરામ આપી દીધો છે.

આ ઉપરાંત પસંદગીકારોએ ચાર મુખ્ય બોલરો, ત્રણ ઝડપી બોલરો ઈશાંત શર્મા, ભુવનેશ્વર કુમાર અને ઉમેશ યાદવને સ્પીનર આર અશ્વીન સાથે આરામ આપવાનો નિર્ણય કર્યો છે. ત્રણ વર્ષના લાંબાગાળા બાદ ભારતીય ટીમ આફ્રિકન રાષ્ટ્રના પ્રવાસે રવાના થઈ છે. છેલ્લે જૂન ૨૦૧૦માં સુરેશ રૈનાના નેતૃત્વમાં ભારતીય ટીમે ઝિમ્બાબ્વેમાં ત્રિકોણીય વન-ડે શ્રેણીમાં ભાગ લીધો હતો. જો કે ટીમ ઈન્ડિયા ફાઈનલમાં પહોંચી શકી ન હતી. ટ્વેન્ટી-૨૦ શ્રેણીમાં ભારતીય ટીમનો દેખાવ શાનદાર રહ્યો હતો. જો કે આ શ્રેણી શ્રીલંકાએ જીતી લીધી હતી. રૈના ઉપરાંત કોહલીના નેતૃત્વમાં રહેલી ટીમમાં રવિન્દ્ર જાડેજા, દિનેશ કાર્તિક, રોહિત શર્મા અને વિનય કુમાર જેવા સ્ટાર ખેલાડી રહેશે. ભારતીય ટીમ નીચે મુજબ છે.

ભારતીય ટીમ : વિરાટ કોહલી (કેપ્ટન), શિખર ધવન, રોહિત શર્મા, દિનેશ કાર્તિક, ચેતેશ્વર પુજારા, સુરેશ રૈના, અંબાતી રાયડુ, રહાણે, રવિન્દ્ર જાડેજા, અમિત મિશ્રા, પરવેશ રસુલ, મોહમંદ સામી, વિનયકુમાર, જયદેવ ઉન્નડકર, મોહિત શર્મા

## કેદારનાથમાંથી હવે કાટમાળ ખસેડવા રૂપરેખા તૈયાર થઈ

દેહરાદુન,તા. ૨૧

ઉત્તરાખંડમાં કુદરતી હોનારતમાં એક મહીના બાદ પણ બચાવ અને રાહત કામગીરીને લઈને ઘણી બધી ગુંચવણો રહેલી છે. રાજ્ય સરકારે હવે કાટમાળને દૂર કરવા માટે રૂપરેખા તૈયાર કરી લીધી છે. ધાર્મિક સ્થળ કેદારનાથ ખાતે વિનાશના કારણે એકત્રિત થયેલા મોટી માત્રામાં કાટમાળને ખસેડવા માટે તૈયારી કરી છે. ઘણા બધા મૃતદેહ આ હિમાલયન ધાર્મિક સ્થળ અને તેના આસપાસના વિસ્તારોમાં કાટમાળમાં ફસાયેલા હોવાનું જાણવા મળી રહ્યું છે. જીએસઆઈ નિષ્ણાંતો, એન્જીનિયરીંગ પ્રોજેક્ટના લીમીટેડના અધિકારીઓ અને આઈએએફના અધિકારીઓની આ સંબંધમાં મુખ્ય સેક્રેટરી સુભાષકુમાર સાથે વાતચીત થઈ ચુકી છે. આ વાતચીતમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પોતાના ક્ષેત્રમાં નિષ્ણાંત ગણાતા એન્જીનિયરીંગ પ્રોજેક્ટ લીમીટેડના લોકોને આ કવાયત માટે રોકવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બુલ્ડોજર્સ, ડમ્પર્સ, રોકબ્રેકર્સ જેવા ભારે મશીનરીવાળા સાધનોને ટ્રકમાં લોડ કરીને દિલ્હીથી મોકલવામાં આવી ચુક્યા છે. બેઠકમાં ઉપસ્થિત રહેલા લોકોએ માહિતી આપતા કહ્યું હતું કે, આ ભારે મેકેનીકલ સાધનોને ઉતારવામાં પણ આવી ચુક્યા છે. કેટલાક સાધનો મીગ-૨૬ વિમાનમાં પણ મોકલવામાં આવ્યા છે. યોગ્ય માળખાના અભાવના પરિણામ સ્વરૂપે કાટમાળને ખસેડવા આડે ઘણી તકલીફ ઉભી થઈ રહી છે.

કેદારનાથમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયાહતા. એકાએક તુટી પડેલા વરસાદ અને ત્યારબાદ પૂરના લીધે ભારે ખુંવારી થઈ હતી. હજુ પણ પાંચ હજારથી વધુ લોકો લાપતા થયેલા છે. કેદારનાથમાં પુનઃનિર્માણની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી ચુકી છે. પરંતુ હજુ સુધી ખૂબ જ ઓછી કામગીરી થઈ છે. ગયા મહીને આ કુદરતી હોનારત સર્જાઈ હતી. દેશના જુદા-જુદા ભાગોમાંથી પાંચ હજારથી પણ વધુ લોકો લાપતા બનેલા છે. લાપતા લોકોને મૃત જાહેર કર્યા વગર તેમના સગા સંબંધીઓને વળતરની ચુકવણી પણ શરૂ થઈ ગઈ છે.

## દેશનાં સાત વિમાની મથકો પર એલર્ટ

નવી દિલ્હી, તા. ૨૧

દેશનાં સાત મોટા વિમાન મથકો પર આંતકવાદીઓ હુમલો કરે તેવી શકયતા છે. જાસુસી વિભાગને આંતકવાદીઓના ષડયંત્રની જાણ થતાં સમગ્ર દેશમાં એલર્ટ જારી કરી દીધું છે. આંતકવાદીઓનાં સંગઠન આ વખતે વિમાનીમથકને નિશાન બનાવવાનું ષડયંત્ર રચી રહ્યા છે.

જાસુસી વિભાગના જણાવ્યાનુસાર દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, અમદાવાદ, બેંગલુરુ, હૈદરાબાદ અને ગુવાહાટીના વિમાની મથક પર આંતકવાદીઓ હુમલો કરે તેવી શક્યતા છે. આંતકવાદીઓ હાઈજેક કરવાનું પણ ષડયંત્ર રચી રહ્યા છે. નાના રનવે થી ઉડ્ડયન કરીને તેઓ હુમલાને અંજામ આપવાનું ષડયંત્ર રચી રહ્યા છે. આંતકવાદીઓ દ્વારા કરનારા હુમલામાં નવી પ્રકારના વિસ્ફોટોનો ઉપયોગ થાય તેવી આશંકા છે.

## સમાચાર ઝલક

- ♥ ગુપ્તચર તંત્રએ ૭ ભારતનાં વિમાનીમથકોએ એલર્ટ રહેવા સુચના આપી.
- ♥ પશ્ચિમ બંગાળનાં માલ્દામાં તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરોની ઝપાઝપી.
- ♥ ભારતીય સરહદ પર ચીનની ફરીથી ઘૂસણખોરી.
- ♥ મધ્યપ્રદેશમાં મહિલા પર એસીડ ફેકાયું.
- ♥ રાજકોટમાં રેલ્વે ડી.વાય.એસ.પી. રૂા. ૨૫,૦૦૦ની લાંચ લેતા પકડાયા.
- ♥ બાળકની તબિયત બગડતાં મુંબઇ વિમાની મથકે વિમાનનું ઇમરજન્સી લેન્ડીંગ, પરંતુ બાળકનું મોત.
- ♥ સુરત જિલ્લામાં કેદી ફરાર થઇ જવાથી પોલીસ સબ ઇન્સ્પેક્ટર સહિત ૬ પોલીસ કર્મીઓ સસ્પેન્ડ કરાયા.
- ♥ નર્મદા બંધનો નજારો જોવા માટે સહેલાણીઓની ૨ કિલોમીટર સુધી લાઇન, ઠેર-ઠેર ટ્રાફિક જામ.
- ♥ ન્યુઝીલેન્ડમાં તીવ્ર ભૂકંપનાં ઝાટકા.
- ♥ ઓરિસ્સામાં ૨૪ કલાકમાં ૯ શિશુઓનાં મોતથી સરકારે તપાસના આદેશ આપ્યા.
- ♥ છત્તીસગઢના મુખ્યપ્રધાન રમણલાલ સામે બેંક લાંચ કૌભાંડનો આરોપ.
- ♥ સી.બી.આઇ. પર સરકારનું દબાણ : જોગીન્દર સિંઘ.
- ♥ આઝમગઢમાં હિંસામાં ૩૦૦ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ.
- ♥ કેદારનાથમાં અજાણ્યા યાત્રાળુઓનો અંતિમ સંસ્કાર પૂર્ણ.
- ♥ મુંબઇમાં ગુપ્તચરતંત્ર અને હવામાન વિભાગ બંનેની ચેતવણી.
- ♥ બોધગયામાં વિશ્વશાંતિ માટે પ્રાર્થના યોજાઇ.
- ♥ મેક્સિકોમાં વિમાનમથક પાણીમાં ગરકાવ.
- ♥ દક્ષિણ ગુજરાતમાં સારા વરસાદથી ઉકાઇ, નર્મદા, પાનમ ડેમ ઓવર ફ્લો થયા.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

● ●

મારા પગમાંથી કાંટો તેં કાઢ્યો તો કાંટાની પીડા પણ ફૂલ સમીસદેહે,

પછી કેડે ઉપર જવા તું ઉછળતી જાય; થાય છાતિમાં હરણાં ઠેકે,

● ●

તમને દેખું તો ઊભી થાય એક દ્વારિકા, ને હસતાં ભાળું તો હરિદ્વાર,

ટેરવાં અડે તે બજે મીરામાં મંજીરા, નરસૈંનો રેલે કેદાર.

કવિએ મિત્રોપનિષદમાં કવિ મિત્રો માય ડિયર જવું, હર્ષદ ચંદારાણા, મનસુખ સલ્લા, રતિલાલ બોરીસાગર, નાનાભાઇ હ. જેબલિયા, પ્રબોધ જોશી, અરવિંદ ભટ્ટ, તખતસિંહ પરમાર - ના વ્યક્તિત્વ અને સર્જક પાસાને આવરી લઇ સુંદર કાવ્ય રચનાઓ આપી છે.

'વેળા' કાવ્ય સંગ્રહના કવિ મનોહર રતિલાલ ત્રિવેદીનો જન્મ તા. ૪-૪-૧૯૪૪માં હિરાણા, જિ. અમરેલી ખાતે થયો હતો. એમ.એ. ડિ.એડ. સુધીનો અભ્યાસ ધરાવતા કવિ આર.જે. એચ. હાઇસ્કૂલ ઢસાના નિવૃત્ત શિક્ષક છે. તેમના અન્ય કાવ્ય સંગ્રહોમાં મોં સૂઝણું, ફૂલની નૌકા લઇને, છુટ્ટી મુકી વીજ અને ગઝલ સંગ્રહો 'આપો આપ' તેમજ 'મિનવા' પ્રગટ થયેલ છે. તે ઉપરાંત વિવેચન સંપાદન, નિબંધ, કથા સાહિત્ય, બાળ સાહિત્ય, બાળ સાહિત્ય ક્ષેત્રે અને તેમણે ખેડાણ કરેલું છે. તેમના પુસ્તકોને ગુ.સા. અકાદમી અને ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યો છે. 'વેળા' કાવ્ય સંગ્રહ પ્રગટ કરવા બદલ ગૂર્જર કાર્યાલય અને કવિને અભિનંદું છું.

'વેળા' (કાવ્ય સંગ્રહ)

કવિ - મનોહર ત્રિવેદી

પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ

કિંમત : રૂા. ૧૨૫/-, પૃષ્ઠ ૨૨ + ૧૩૪

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨

### મહિલા સમાજ અને કાયદો (પાના નં. ૪ નું ચાલુ)

આપણે આ કોલમમાં ભવિષ્યમાં આ મુદ્દા અંગે બંધારણમાં મહિલાઓનાં અધિકારો તે બાબતે ચર્ચા કરવાનાં છીએ પરંતુ હાલ તો, સ્ત્રી ઘર સંભાળે છે અને તેણી આર્થિક ઉપાર્જન કરતી નથી તે એક માત્ર કારણસર બાળકનું હિત માતા પાસે નથી તે મુદ્દે આપણે ચર્ચા કરી રહ્યા છીએ.

આજના યુગમાં પતિ અને પત્ની બંને આર્થિક ઉપાર્જન કરતાં હોય છે. તે બાબત સાચી પરંતુ મોટા ભાગનાં પરિવારમાં સ્ત્રીઓની આવક એ પુરક રોજીરોટી સમાન છે. આમ પણ જો આપણે સામાજિક વ્યવસ્થા જોઈએ તો, લગભગ ૨૨ ટકા જેટલો વર્ગ એ અતિ સાધન સંપન્ન છે અને સમાજમાં ૭૮ ટકા એ સોશ્યલ સેક્ટર એટલે કે નીચલો મધ્યમ વર્ગ અને ઉપલો મધ્યમ વર્ગ એમ છે. આ પૈકી આશરે ૩૫ ટકા એ ગરીબીની રેખા નીચે જીવતાં પરિવારો છે અને આ તમામ સ્થિતિમાં સ્ત્રીની આવક એ માત્ર પુરક રોજીરોટીથી વિશેષ નથી એ કડવી વાસ્તવિકતા છે. જે સ્ત્રીઓ પુરક રોજીરોટી મેળવવા સંદર્ભે કામ કરી રહી છે તે પ્રકારની સ્ત્રીઓ ઘરેલું રોજગાર સાથે સંકળાયેલી છે. અસંગઠીત શ્રમિકોની પણ જયારે વાત કરીએ ત્યારે કુલ અસંગઠિત કામદારો છે તેના ૫૦ ટકા એ મહિલા કામદારો છે. ઘરે બેસીને છૂટક અને પરચુરણ કામ કરનાર વર્ગ પણ બહુ મોટો છે. આ તમામ સંજોગોમાં જે મહિલા એટલે કે માતા પોતાના ગૃહકાર્ય સાથે નાનું અને પરચુરણ કામ કરે છે અને સાથે સાથે પોતાના બાળક અંગે પણ ચિંતિત છે તે સ્પષ્ટ છે.

ફરીથી આપણાં મુખ્ય મુદ્દા પર આવીએ કે બાળક એ કોને સોંપવું તે બાબત જયારે નામદાર અદાલત સમક્ષ આવે ત્યારે શું માત્ર પિતાની સાધન સંપન્ન આર્થિક સ્થિતિને કારણે જ પિતાને સોંપવામાં આવે છે? આ પ્રશ્ન એ ખૂબ જ ગંભીર અને અગત્યનો છે. એક બાળક તેને મોટો કરવા માટે એટલે કે બાળકની સતત જાળવણી, બાળકની સારસંભાળ એ માતા વધારે સારી રીતે સંભાળે છે તેમાં શંકાને સ્થાન હોઇ શકે નહીં. જો બાળક સમજણવાળું હોય તો અદાલત બાળકને પણ તેની મરજી પૂછે છે. જો કે બાળક જેના કબજામાં હોય તેના પ્રભાવ ક્ષેત્રમાં હોય તે સ્વાભાવિક બાબત છે અને તેથી એ બાળક સ્વતંત્ર રીતે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી શકે તેટલી હદ સુધી અદાલત પ્રયત્ન કરે છે. ખાસ કરીને 'ધી ફેમીલી કોર્ટસ એક્ટ ૧૯૮૪' અમલમાં આવતાં પુરા દેશમાં અને રાજયમાં વિવિધ સ્થળે ફેમીલી કોર્ટ અસ્તિત્વમાં આવતાં બાળકોની તકરાર સંદર્ભેથી પણ કાયદેસરની કાર્યવાહીઓ એ ફેમીલી કોર્ટમાં તબદીલ થયેલ છે એટલે કે બાળકોનાં કબજાપણાંની કે વાલીપણાંની બાબત હોય, બાળકોનાં ભરણપોષણની બાબત હોય કે, બાળકોનાં મિલકતના વાલીપણાની બાબત હોય, આ તમામ બાબતોને લગતી કાયદેસરની કાર્યવાહી એ જે તે જીલ્લાની ફેમીલી કોર્ટને ચલાવવાની સત્તા છે.

એક તરફ પિતાની આર્થિક સક્ષમતા તો બીજી તરફ બાળકોની સારસંભાળ. આ બંને મુદ્દામાં બાળકોનો ઉછેર કોણ સારી રીતે કરી શકશે તે બાબત પણ બહુ અગત્યની છે.

માતા અને પિતાનું એકબીજાથી છૂટા પડી જવું એ પણ બાલ માનસ પર ગંભીર અસર કરે છે તે બાબત સાથે તેમજ ગાર્ડિયન એન્ડ વૉર્ડઝ એક્ટની અદાલતી કાર્યવાહી સંદર્ભે મળીન આવતે અંકે...